ISSN: 2231-5063 Impact Factor : 3.4052(UIF) Volume - 5 | Issue - 6 | Dec - 2015

GRT Golden Research Thoughts

# A STUDY OF RELATIONSHIP BETWEEN CREATIVITY, ANXIETY AND SELF-CONCEPT OF PTC TRAINEES.

Jaydeep Parmar
M.com. , M.ed., Ph.d Anand, Gujarat.

**સારાંશ :**

''બાળકના સર્વાંગીણ વિકાસમાં ચિંતાતુરતા પણ ઘણો જ અગત્યનો ભાગ ભજવતી હોય છે. વિકસિત રાષ્ટ્રો શિક્ષણમાં હરણફાળ ભરી રહ્યા છે ત્યારે આપણે ત્યાં શરૂઆત જોવા મળે છે. પરિણામે શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શકિત અનેક પ્રકારે રૂંધાઈ રહી છે અને તેનાથી વધારે જે ગામોમાં ઉચ્ચ શિક્ષણ તેમજ શિક્ષણની સગવડ નથી ત્યાંના વિદ્યાર્થીઓને મુસાફરી કરીને અભ્યાસ કરવો પડે છે. આ વિદ્યાર્થીઓની સ્થિતિ વધુ કફોડી હોય છે. આથી શિક્ષકોએ એ ખ્યાલ રાખવો જોઈએ કે ઘણી વખત અભ્યાસમાં નબળા જણાતાં વિદ્યાર્થીઓને કેટલીક બાબતે ચિંતા, સ્વ–સંકલ્પના, સામાજિક–આર્થિક સ્થિતિ, ઘર, છાત્રાલય, ગામમાં શાળા ન હોવી જેવી અનેક બાબતો નડતરરૂપ બનતી હોય છે.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પી.ટી.સી. તાલીમાર્થીઓના સર્જનાત્મકતા, ચિંતા અને સ્વ–સંકલ્પના વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કરેલ છે. SZJF



## ૧.૧ પ્રસ્તાવના :

આજનો બાળક આવતીકાલના વિશ્વનો રચયિતા છે. બાળકમાં કઈ શકિતઓ પડેલી છે તે જાણવું જરૂરી છે. બાળક પોતાની જાતને ઓળખે તે માટે તેની પોતાની જાતને ઓળખવાની અને પોતાનામાં રહેલી સમજશકિત, જવાબદારીનું ભાન તેમજ પોતાના વિકાસ માટેની ચિંતા જાણવી અનિવાર્ય બને છે. વળી, પોતે જે બની શકે તેમ છે એ બનવા માટે જરૂરી પ્રવૃત્તિઓ અને યોગ્ય પરિસ્થિતિ મા–બાપે તથા શાળાએ પૂરી પાડવા શકય એટલા પ્રયત્ન કરવા જોઈએ. કેળવણીનું ધ્યેય જેમ માત્ર અક્ષરજ્ઞાન કે પુસ્તકિયું જ્ઞાન આપવાનું નથી તેમ વિદ્યાર્થીઓમાં અતિ ઉચ્ચ, અશકય કે અવ્યવહારુ આદર્શો ઉભા કરવાનું પણ નથી. સાચી કેળવણી તો તે છે કે જે વિદ્યાર્થીને સ્વ–ઓળખ દ્વારા વિકાસોન્મુખ કરે. જ્ઞાનની તેનામાં ભૂખ જગાવે, સ્વ–વિકાસની તમન્ના પ્રગટાવે.

બાળકનાં સર્વાંગીણ વિકાસમાં તેની સામાજિક આર્થિક સ્થિતિ અગત્યનો ભાગ ભજવે છે. બાળક વ્યવસ્થિત ઘરમાં રહીને અભ્યાસ કરે છે અને જયારે બાળકને ઉત્તમ ઘર, છાત્રાલય વિગેરેની સગવડ મળે છે ત્યારે આવી સગવડો તેના અભ્યાસમાં મદદરૂપ બનતી હોય છે.

અ)પણે જાણીએ છીએ કે દિન–પ્રતિદિન સમગ્ર સ્તરે એટલે કે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના સ્તરે શિક્ષણનું ધોરણ કથળતું જાય છે. અને તેમાં ઉચ્ચ શિક્ષણ શિક્ષણના ક્ષેત્રમાં સૌથી નબળી કડી છે. ''ઉચ્ચ શિક્ષણક્ષેત્રે અભ્યાસક્રમની સુધારણા કરવામાં આવી. શિક્ષકોને તે અંગે તાલીમ આપવામાં આવી. શિક્ષણ પદ્ધતિમાં નાવિન્યકરણ અપનાવવામાં આવ્યું છતાં પણ શિક્ષણનું ધોરણ કથળતું જાય છે.''૪ એની પ્રતીતિ આપણને ધોરણ–૧૨ ને અંતે યોજાતી જાહેર પરીક્ષાના પરિણામ ઉપરથી થાય છે. આ બાબત નિર્દેશ કરે છે કે વિદ્યાર્થીઓની સર્જનશીલતા ઉપર જણાવેલ પરિબળો તેમજ અન્ય પરિબળો પણ અસર કરતાં હોવાં જોઈએ આવા સંજોગોમાં દેશનું ભાવિ જેના હાથમા સોંપાયેલ છે અને ભવિષ્યનાં ઘડવૈયા તૈયાર કરવાનું મહત્વનું કાર્ય જેને સોંપાયેલ છે તેવા પીટીસી તાલીમાર્થીઓનાં કેટલાંક અંગત લક્ષણો જેવા કે સર્જનાત્મકતા, ચિંતા અને સ્વસંકલ્પના વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરવો જરૂરી બને છે.

### ૧.૨ સંશોધનના હેતુઓ :–

પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

૧.પીટીસીના તાલીમાર્થીઓમાં સર્જનાત્મકતા અને ચિંતા વચ્ચેનો સહસંબંધ તપાસવો.
૨.પીટીસીના તાલીમાર્થીઓમાં ચિંતા અને સ્વ–સંકલ્પના વચ્ચેનો સહસંબંધ તપાસવો.
૩.પીટીસીના તાલીમાર્થીઓમાં સર્જનાત્મકતા અને સ્વ–સંકલ્પના વચ્ચેનો સહસંબંધ તપાસવો.

### ૧.૩ સંશોધનની ઉત્કલ્પનાઓ :

$Ho_1$ પીટીસી કોલેજના તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને ચિંતાના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ જ સાર્થક સહસંબંધ નહી હોય.
$Ho_2$ પીટીસી કોલેજના તાલીમાર્થીઓના ચિંતા અને સ્વ–સંકલ્પનાના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ જ સાર્થક સહસંબંધ નહીં હોય.
$Ho_3$ પીટીસી કોલેજના તાલીમાર્થીઓના સર્જનાત્મકતા અને સ્વ–સંકલ્પનાના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ જ સાર્થક સહસંબંધ નહીં હોય.

### ૧.૪ નિદર્શની પસંદગી :

પ્રસ્તુત અભ્યાસમાં 'યાદચ્છિક નમૂના' પદ્ધતિથી નમૂનો પસંદ કરવામાં આવ્યો છે. આણંદ જિલ્લામાંથી પસંદ કરેલ શહેરી અને ગ્રામ્ય વિસ્તારની પી.ટી.સી. કોલેજો

### ૧.૫ અભ્યાસના ચલોની વિગતો

| ક્રમ | ચલ | ચલના પ્રકાર | કક્ષા | કક્ષાના નામ |
|---|---|---|---|---|
| ૧ | સર્જનાત્મકતા | સ્વતંત્ર | એક | અ– |
| ૨ | ચિંતા | સ્વતંત્ર | એક | અ– |
| ૩ | સ્વ–સંકલ્પના | સ્વતંત્ર | એક | અ– |
| ૪ | જાતિ | પરતંત્ર | બે | સ્ત્રી અને પુરુષ |
| ૫ | વિસ્તાર | પરતંત્ર | બે | ગ્રામ્ય અને શહેરી |

### ૧.૬ ઉપકરણો અને પ્રયુકિતની પસંદગી :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ત્રણ ઉપકરણો પસંદ કર્યા છે. જેમાં (૧) સર્જનાત્મકતા (૨) ચિંતા (૩) સ્વ–સંકલ્પના. આ ત્રણ ઉપકરણ પૈકી બે ઉપકરણ તૈયાર લીધા છે અને એક ઉપકરણ જાતે તૈયાર કર્યુ છે.

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે સર્જનાત્મકતા, ચિંતા અને સ્વ–સંકલ્પના માપન માટે નીચે મુજબની સંશોધિની અને કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે.

### ૧.૬.૧ સર્જનાત્મક શકિત કસોટી :

આ કસોટી ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના પ્રોફેસર આર.એસ. પટેલ દ્વારા રચિત અને પ્રમાણિત કરવામાં આવેલ છે.

### ૧.૬.૨ ચિંતા માપદંડ :

આ કસોટી સરદાર પટેલ યુનિવર્સિટી અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના ડૉ. પલ્લવીબેન પી. પટેલ દ્વારા રચિત અને પ્રમાણિત કરેલ છે. આ માપદંડનો હેતુ વિદ્યાર્થીઓમાં પ્રવર્તતી ચિંતા જાણીને તેઓને માર્ગદર્શન આપવાનો છે.

### ૧.૬.૩ સ્વ–સંકલ્પના સંશોધિની :

આ સંશોધિનીની રચના સંશોધક દ્વારા કરવામાં આવી છે.આ સંશોધિનીની રચના કરવા માટે સંશોધકે પિયર્સ અને હેરિસ (૧૯૬૯) ની બાળકો માટે બનાવેલ સ્વસંકલ્પના સંશોધિની અને ડૉ. જે. એચ. શાહ રચિત સ્વ–સંકલ્પના સંશોધનિકા તથા ડૉ. બીના શાહ રચિત વયસ્કો માટેની સ્વસંકલ્પના સંશોધિનીનો આધાર લીધો હતો.

## ૧.૭ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :

**પી.ટી.સી. તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને ચિંતા વચ્ચેનો સહસંબંધ**

| માહિતીનો પ્રકાર (કુલ) | સંખ્યા | સહસંબંધ–r | r-ટેબલ કિંમત | પરિણામ |
|---|---|---|---|---|
| સર્જનાત્મકતા | ૪૮૦ | ૦.૮૧ | r = 1 સંપૂર્ણ હકારાત્મક | ખૂબ જ નત્રકનો ધનાત્મક સંબંધ |
| ચિંતા | ૪૮૦ | | | |

ઉપર દર્શાવેલ સારણી પરથી સર્જનાત્મકતા અને ચિંતા વચ્ચેનો સહસંબંધાક ૦.૮૧ જોવા મળે છે. કાર્લ પિયર્સનની સહસંબંધાક પદ્ધતિ મુજબ સંપૂર્ણ ધન સહસંબંધ ૧ મળે છે. એટલે કે આણંદ જિલ્લાના પી.ટી.સી. તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને ચિંતા વચ્ચે ખૂબ જ નત્રકનો સહસંબંધ જોવા મળે છે.

આણંદ જિલ્લામાં આવેલી પી.ટી.સી. તાલીમી સંસ્થાઓમાંથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારના પુરુષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓ મળી કુલ ૪૮૦ તાલીમાર્થીઓની ચિંતા અને સ્વ–સંકલ્પના વચ્ચેનો સહસંબંધ શોધવામાં આવ્યો. જે નીચેની સારણીમાં દર્શાવેલ છે.

**પી.ટી.સી. તાલીમાર્થીઓની ચિંતા અને સ્વ–સંકલ્પના વચ્ચેનો સહસંબંધ**

| માહિતીનો પ્રકાર (કુલ) | સંખ્યા | સહસંબંધ–r | r - ટેબલ કિંમત | પરિણામ |
|---|---|---|---|---|
| ચિંતા | ૪૮૦ | ૦.૫૩ | r = 1 સંપૂર્ણ હકારાત્મક | મધ્યમ પ્રકારનો ધનાત્મક સંબંધ |
| સ્વસંકલ્પના | ૪૮૦ | | | |

ઉપર દર્શાવેલ સારણી પરથી ચિંતા અને સ્વ–સંકલ્પના વચ્ચેનો સહસંબંધાક ૦.૫૩ જોવા મળે છે. કાર્લ પિયર્સનની સહસંબંધાક પદ્ધતિ મુજબ સંપૂર્ણ ધન સહસંબંધ ૧ મળે છે. એટલે કે આણંદ જિલ્લાના પી.ટી.સી. તાલીમાર્થીઓની ચિંતા અને સ્વ–સંકલ્પના વચ્ચે મધ્યમ પ્રકારનો ધનાત્મક સહસંબંધ જોવા મળે છે.

આણંદ જિલ્લામાં આવેલી પી.ટી.સી. તાલીમી સંસ્થાઓમાંથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારના પુરુષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓ મળી કુલ ૪૮૦ તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને સ્વ–સંકલ્પના વચ્ચેનો સહસંબંધ શોધવામાં આવ્યો. જે નીચેની સારણી માં દર્શાવેલ છે.

**સર્જનાત્મકતા અને સ્વ–સંકલ્પનાના પ્રાપ્તાંકો વચ્ચેનો સહસંબંધ**

| માહિતીનો પ્રકાર (કુલ) | સંખ્યા | સહસંબંધ–r | r - ટેબલ કિંમત | પરિણામ |
|---|---|---|---|---|
| સર્જનાત્મકતા | ૪૮૦ | ૦.૫૮ | r = 1 સંપૂર્ણ ધનાત્મક | ખૂબ જ મધ્યમ પ્રકારનો ધનાત્મક સંબંધ |
| સ્વ–સંકલ્પના | ૪૮૦ | | | |

ઉપર દર્શાવેલ સારણી પરથી સર્જનાત્મકતા અને સ્વ–સંકલ્પના વચ્ચેનો હસંબંધાક ૦.૫૮ જોવા મળે છે. કાર્લ પિયર્સનની સહસંબંધાક પદ્ધતિ મુજબ સંપૂર્ણ ધન સહસંબંધ ૧ મળે છે. એટલે કે આણંદ જિલ્લાના પી.ટી.સી. તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને સ્વ–સંકલ્પના વચ્ચે મધ્યમ પ્રકારનો સહસંબંધ જોવા મળે છે.

## ૧.૮ અભ્યાસ પરથી ફલિત થતાં તારણો :

પ્રસ્તુત અભ્યાસના નીચે પ્રમાણે તારણો જણાવેલ છે.

૧.આણંદ જિલ્લાની પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને ચિંતા વચ્ચેનો સહસંબંધાક ૦.૮૧ જોવા મળે છે. મળેલી

કિંમત પરથી આણંદ જિલ્લાની પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને ચિંતા વચ્ચે ખૂબ જ ઊંચો ધનાત્મક સહસંબંધ જોવા મળે છે.

૨.આણંદ જિલ્લાની પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓની ચિંતા અને સ્વ–સંકલ્પના વચ્ચેનો સહસંબંધાક ૦.૫૩ જોવા મળે છે. મળેલી કિંમત પરથી આણંદ જિલ્લાની પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓની ચિંતા અને સ્વ–સંકલ્પના વચ્ચે મધ્યમ ધનાત્મક સહસંબંધ જોવા મળે છે.

૩.આણંદ જિલ્લાની પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને સ્વ–સંકલ્પના વચ્ચેનો સહસંબંધાક ૦.૫૮ જોવા મળે છે. મળેલી કિંમત પરથી આણંદ જિલ્લાની પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને સ્વ–સંકલ્પના વચ્ચે મધ્યમ ધનાત્મક સહસંબંધ જોવા મળે છે.

### ૧.૯ ભાવિ સંશોધનો અંગે ભલામણો :

૧.પ્રસ્તુત સંશોધન પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓ પૂરતું છે. તેની સાથે અન્ય કોલેજના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને શિક્ષકોનો અભ્યાસ હાથ ધરી શકાય.

૨.પ્રસ્તુત સંશોધન માત્ર આણંદ જિલ્લા પૂરતું મર્યાદિત છે. તેમાં અન્ય વિસ્તારો–જિલ્લાઓનો સમાવેશ કરી શકાય.

૩.માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણના વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અંગે સંશોધન થઈ શકે.

૪.બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓની સર્જનાત્મકતા, ચિંતા અને સ્વ–સંકલ્પના અંગે સંશોધન થઈ શકે.

૫.અનુસ્નાતક કક્ષાએ [P.G.LEVEL] અધ્યાપન કાર્ય કરાવતા પ્રાધ્યાપકો અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોની સર્જનાત્મકતા અંગે તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

### ઉપસંહાર :

સંશોધકે પ્રસ્તુત પ્રકરણમાં અગાઉ થઈ ગયેલ સંશોધન સારાંશ, માહિતીના પૃથક્કરણ અને અર્થઘટનના આધારે તારણો, સૂચનો રજૂ કર્યા છે.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સર્જનાત્મકતા, ચિંતા અને સ્વ–સંકલ્પના વચ્ચેનો સહસંબંધ તપાસવાનો પ્રયાસ કર્યો હતો. સંશોધકે જે તાલીમાર્થીઓમાં સર્જનાત્મકતાનું પ્રમાણ વધારે છે તેમની ચિંતા કેવી છે? તે તાલીમાર્થીઓની ચિંતા અને સ્વ–સંકલ્પના વચ્ચે સંબંધ કેવો છે? ગ્રામ્ય વિસ્તારના અને શહેરી વિસ્તારના પુરુષ તાલીમાર્થી અને સ્ત્રી તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને ચિંતા વચ્ચે કેવો સંબંધ છે? આ સહસંબંધ શોધવા માટે સંશોધકે પ્રો. કાર્લ પિયર્સનની આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કર્યો હતો. સંશોધકે પ્રસ્તુત સંશોધન સિવાય આ સંશોધનને લગતાં અન્ય સંશોધન કરવાની જરૂર લાગી તે માટે ભાવિ સંશોધનની દિશામાં આંગળી ચિંધવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

### સંદર્ભ સૂચિ


1. A Bibliography (1979) : Central Institute of Education Delhi (Faculty of Education, Uni. of Delhi).
2. Agrawal, J. C. (1966) : Education Research in Introduction. Acharya Book Depo.
3. Baquer, M. A. (1973) : Creativity New Letter, Vol-5,
4. Best J.W. (1977) : Research in Education, New Delhi Prentice Hall of India Pvt. Ltd..
5. Buch M. B. (Ed.) (1979) : Second and third Survey of Research in Educational Research and Development).
6. Buch M. B. (Ed.) (1985-86) : ERIC- NCERT, New Delhi, Vol.II No. 3 & 4.
7. Carl R. Rogers (1962) : Towards a theory of Creativity, A source book for creative - thinking (New-York, Arl Scribner's Son's)
8. Edwards, Alien, L (1957) : Techniques of attitude scale construction (pp 13-14,151) New York : Appleton-Croffts, Inc.
9. Guilford, J. P. (1967) : The nature of human intellegence. New York : McGraw Hill Book.
10. Herold David Daill Felds, "Educational and Psychological Measurment, " George Washington University, GeorgiaInstitute of Technology.
11. James, Willian (1980) : Principles of Psychology. Mangolis Mars, Petersmith.
12. John Foster (1971) : Creativity and teacher, (Basing stock and London, Mac Millan Education Ltd.)